# શ્રીનિવાસને રાજીનામાની માંગણી ફગાવી

નવી દિલ્હી,તા. ૨૯

આઈપીએલમાં સ્પોટ ફિક્સીંગના મામલે બીસીસીઆઈના પ્રમુખ શ્રીનિવાસનની તકલીફમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. તેમના રાજીનામા માટેની માંગણી આજે વધુ તીવ્ર બની હતી જો કે શ્રીનિવાસન હજુ પણ રાજીનામાના મૂડમાં દેખાઈ રહ્યા નથી. શ્રીનિવાસને તેમના રાજીનામાની માંગણીને આજે ફગાવી દીધી હતી. શ્રીનિવાસને દલીલ કરી હતી કે રાજીવ શુક્લાએ માત્ર એમ જ કહ્યુ છે કે તપાસ પ્રક્રિયાથી તેઓ દૂર રહે અને આના માટે તેઓ



કટિબદ્ધ છે. તેઓ કોઈ પણ પ્રકારની દરમિયાનગીરી કરવા તૈયાર નથી. રમતગમત મંત્રાલય દ્વારા પણ શ્રીનિવાસનને રાજીનામુ આપી દેવા સૂચના આપી દીધી છે. આઈપીએલના ચેરમેન રાજીવ શુક્લાએ માંગ કરી હતી કે તેમના જમાઈ અને ચેન્નાઈ સુપરકિંગ્સ ટીમ સામે તપાસ પૂરી ન થાય ત્યાં સુધી શ્રીનિવાસન પોતાને દૂર કરી લે. રાજીવ શુક્લાના નિવેદન બાદ તરતજ શ્રીનિવાસને આ પ્રકારની પ્રતિક્રિયા કરી હતી. તેમણે ઉમેર્યુ હતુ તે શુક્લાએ માત્ર એટલુ જ નિવેદન કર્યુ છે. શુક્લાની મુલાકાતે તેઓ જઈ ચુક્યા છે. બીસીસીઆઈના હોદ્દેદારો તરફથી તેમના રાજીનામાની માંગણી અંગે પુછવામાં આવતા શ્રીનિવાસને કહ્યુ હતુ કે વ્યક્તિગતોને પ્રતિક્રિયા અંગે તેઓ કોઈ જવાબ આપશે નહીં. બીસીસીઆઈના વડા પર પ્રમુખ તરીકે રાજીનામુ આપી દેવાનું દબાણ વધી રહ્યુ છે કારણ કે બોર્ડના બે મોટા સભ્ય રાજીવ શુક્લા અને અરૂણ જેટલી તપાસ પ્રક્રિયાથી પોતાને દૂર કરી લેવા અપીલ કરી ચુક્યા છે. રસપ્રદ બાબત એ છે કે આઈપીએલના ચેરમેન રહેલા રાજીવ શુક્લાએ શ્રીનિવાસ અંગે તેમના ઉલ્લેખમાં રાજીનામા સાથેનો કોઈ ઉલ્લેખ કર્યો નથી. કેન્દ્રિય રમતગમત મંત્રાલયે પણ મેદાન પર ઉતરીને નૈતિક આધાર પર શ્રીનિવાસનના રાજીનામાની સૂચના આપી છે. મીડિયાનું દબાણ વધી રહ્યુ છે.

## સ્પોટ ફિક્સીંગમાં મેયપ્પનની પોલીસ કસ્ટડી વધારી દેવાઈ

મુંબઈ,તા. ૨૯

આઈપીએલ સ્પોટ ફિક્સીંગના મામાલામાં ઉંડી તપાસ ચાલી રહી છે જેના ભાગરૂપે મુંબઈ કોર્ટ આજે બીસીસીઆઈના વડા એન શ્રીનિવાસનના જમાઈ અને ચેન્નઈ સુપરકિંગ્સ ટીમના માલિક ગુરુનાથ મેયપ્પનની પોલીસ કસ્ટડી લંબાવવા સહમત થઈ હતી. મેયપ્પનની થોડાક દિવસ પહેલા જ સ્પોટ ફિક્સીંગ અને બેટીંગના



આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. મેયપ્પનને સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. મેયપ્પને આઈપીએલની મેચોમાં જંગી સટ્ટો રમ્યો હતો. મુંબઈ પોલીસે મેટ્રો પોલીટન કોર્ટમાં માહિતી આપતા કહ્યુ હતુ કે મેયપ્પન મુખ્ય આરોપી પૈકી છે. ત્યારબાદ કોર્ટે ૨૯મી મે સુધી પોલીસ કસ્ટડીમાં રિમાન્ડ પર મોકલી દીધો હતો. બુકી સાથે નજીકના સંબધો મેયપ્પનના હોવાનું જાણવા મળ્યુ છે. અભિનેતા અને ટીવી રિયાલિટી શોના વિજેતા વિંદુ દારાસિંહની સટ્ટોડિયાઓ સાથે સાંઠગાંઠ બદલ ધરપકડ કરવામાં આવ્યા બાદ મેયપ્પનનું નામ સપાટી પર આવ્યુ હતુ. વિંદુએ તેમના તરફથી મોટા પાયે સટ્ટો રમ્યો હોવાની કબૂલાત કરી હતી. વિંદુ બિગબોસ સિઝન ત્રણમાં વિજેતા થયો હતો. તે એક વખતના કુસ્તીબાજ દારાસિંહનો પુત્ર છે. વિંદુ અને મેયપ્પન વચ્ચે થયેલી ફોન પર વાતચીતની વિગતો એકત્રિત કરાઈ છે.

## મહિલા નક્સલીઓએ કર્માને ચાકુના કુલ ૭૮ ઘા માર્યા હતા

જગદલપુર,તા. ૨૯

છત્તિસગઢમાં તાજેતરમાં જ કરવામાં આવેલા હજુ સુધીના સૌથી મોટા માઓવાદી હુમલા અંગે નવી નવી ચોંકાવનારી વિગત સપાટી ર આવી રહી છે. હવે એવુ જાણવા મળ્યું છે કે મહિલા નક્સલવાદીઓએ કોંગ્રેસના વરિષ્ઠ નેતા મહેન્દ્ર કર્માને મોતને ઘાટ ઉતારી દેતા પહેલા ખુબ ત્રાસ આપ્યો હતો. મહિલા નક્સલવાદીઓએ કર્માના શરીર પર ચાકુથી ૭૮ ઘા કરવામાં આવ્યા હતા. હકીકતમાં નક્સલવાદીઓ પોતાના સૌથી મોટા દુશ્મન મહેન્દ્ર કર્માને મારી નાંખતા પહેલા ખુબ ત્રાસ આપવા માંગતા હતા. તેમને ખુબ પીડા પહોંચાડવા માંગતા હતા. નક્સલવાદી હુમલાના બે સાક્ષીઓએ સીઆરપીએફના કોબરા કમાન્ડોને આ મુજબની માહિતી આપી છે. એક કમાન્ડોએ આ સંબંધમાં એક અખબારને આ મુજબની માહિતી આપી હતી. કમાન્ડોએ એમ પણ કહ્યું છે કે હુમલો કરવામાં આવ્યો ત્યારે મહિલા નક્સલીઓની સંખ્યા ૧૦થી ૧૨ જેટલી હતી. આ મહિલાઓએ કર્માએ ઓળખ બતાવી હોવા છતાં બીજા કોંગ્રેસી નેતાઓને પૂછીને ઓળખની ખાતરી કરી હતી. જ્યારે નક્સલવાદીઓને આ વાતનો વિશ્વાસ થયો કે આ વ્યક્તિ જ કર્મા છે ત્યારે તેના ઉપર હુમલાઓ શરૂ કરી દીધા હતા. નજરે જોનારાઓએ કહ્યું છે કે મહિલા નક્સલવાદીઓએ મહેન્દ્ર કર્માને ચારે બાજુથી ઘેરી લીધા હતા અને તેમની આખરી ઈચ્છા પૂછી હતી. કર્મા ઉપર મોતનો ખતરો તોળાઈ રહ્યો હતો. આ જ ગાળાાં સૌથી પહેલા એક મહિલા નક્સલીએ કર્મા ઉપર ગોળીબાર કરી દીધો હતો. બીજી મહિલાએ પણ લાકડીના પ્રહારો કર્મા ઉપર કર્યા હતા. ત્યારબાદ મહિલા નક્સલવાદીઓએ એક પછી એક કર્મા ઉપર ૭૮ ચાકુના ઘા ઝીંકી દીધા હતા. મહેન્દ્ર કર્માને નક્સલવાદીઓ સૌથી મોટા દુશ્મન તરીકે ગણતા હતા. મહેન્દ્ર કર્માએ નક્સલવાદીઓની સામે એક પ્રકારની ઝુંબેશ ચલાવી હતી.

## એલપીજી સબસિડી ૧૮ જિલ્લાઓમાં પહેલી જુનથી સીધી રીતે બેંકમાં જમા

નવી દિલ્હી,તા. ૨૯

એલપીજી સબસિડી પહેલી જુનથી દેશના ૧૮ જિલ્લાઓમાં બેંક ખાતાઓમાં સીધીરીતે જમા કરવામાં આવશે. ૧૮ જિલ્લાઓમાં આ પ્રક્રિયા વધિવતરીતે શરૂ કરવામાં આવશે. પહેલી જુનથી ગ્રાહકોને જ્યારે એલપીજી સિલિન્ડર બુક કરાવશે ત્યારે તેમના બેંક ખાતામાં ૪૩૫ રૂપિયા જમા થશે કારણ કે સરકાર તેના મહત્વકાંક્ષી એલપીજી સબસિડી સીધીરીતે બેંક ખાતામાં જમા કરવા સાથે સંબંધિત પ્રોજેક્ટને શરૂ કરવા જઈ રહી છે. ફ્યુઅલ સબસિડીમાં કાપ મૂકવાના હેતુસર મહત્વકાંક્ષી ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફર પ્રોગ્રામની શરૂઆત થવા જઈ રહી છે. આ સ્કીમ શરૂઆતમાં ૨૦ જિલ્લાઓમાં લાગુ કરવામાં આવશે પરંતુ કર્ણાટકમાં મૈસુરમાં અને હિમાચલમાં મંડી ખાતે લોન્ચ કાર્યક્રમને મોકુફ કરવાનો નિર્ણય કરાયો છે કારણ કે સંસદીય પેટા ચૂંટણી અહીં યોજાનાર છે. પેટ્રોલિયમ પ્રધાન વિરપ્પા મોઈલી પહેલી જુનના દિવસે તેમના વતન રાજ્ય કર્ણાટકમાં ટુમપુર ખાતે આ



સ્કીમ લોન્ચ કરશે. જ્યારે પેટ્રોલિયમ અને કુદરતી ગેસ માટેના રાજ્યપ્રધાન લક્ષ્મી પનાબાકા પણ હેદરાબાદ ખાતે આ સ્કીમ શરૂ કરશે. તેમના વતન રાજ્ય આંધ્રપ્રદેશના પાટનગર હૈદરાબાદમાં આ સ્કીમ શરૂ કરશે. સૂત્રોનું કહેવુ છે કે આ સ્કીમ લોન્ચ થયા બાદ ઉત્તર ગોવા અને પોંડીચેરી જેવા ૧૮ જિલ્લાઓમાં ગ્રાહકોને જ્યારે એલપીજી રિફીલ બુક કરાવવામાં આવશે ત્યારે દર વખતે તેમના બેંક ખાતામાં ૪૩૫ રૂપિયા જમા થશે. આ ગ્રાહકોને ત્યારબાદ માર્કેટ કિંમતે ગેસની ખરીદી કરવી પડશે. જે દિલ્હીમાં ૪૧૦.૫૦ રૂપિયા કરતા ડબલ છે. સરકારે આ વર્ષના અંત પહેલા દેશના બાકીના વિસ્તારોમાં આ સ્કીમ લોન્ચ કરવાની તૈયારી કરી છે. પહેલા ૨૦ જિલ્લાઓના પરિણામ જોવામાં આવશે. આ જિલ્લાઓમાં એલપીજીનો ઉપયોગ કરતી ૮૯ ટકા વસ્તી પાસે આધાર નંબર છે. સરકારે યુઆઈડી નંબર મેળવી લેવા તેમને ત્રણ મહિનાનો છુટછાટનો સમય આપ્યો છે. ત્રણ મહિનાના ગાળા બાદ એટલે કે પહેલી સપ્ટેમ્બરથી માત્ર આધાર અને બેંક ખાતા ધરાવતા ગ્રાહકોને જ રોકડ સબસિડી મળશે બાકીના લોકોને માર્કેટ કિંમતે એલપીજી ખરીદી કરવી પડશે. સરકાર આ સ્કીમ દેશભરમાં શરૂ કરી દિધા બાદ વાર્ષિકરીતે એલપીજી સબસિડીમાં ૮૦૦૦-૧૦૦૦૦ કરોડની બચત કરી શકશે.

## કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ટુવ્હીલર પર ફર્યા

ઔરંગાબાદ,તા. ૨૯

કોંગ્રેસનાં ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ગઈકાલે દુકાળથી પ્રભાવિત ઔરંગાબાદ જિલ્લાની મુલાકાત લીધી હતી અને ત્યાંના લોકોને આશ્વાસન આપ્યું હતું કે, પાણી અને ઘાસચારાની ઉણપને પૂરી કરવા માટે ઉપાયો ઝડપથી પૂરા કરવામાં આવશે. પીપલ ગામની મુલાકાતને રાહુલના કાર્યક્રમમાં સામેલ કરાઈ નહોતી પરંતુ એક ગ્રામીણનાં ટુવ્હીલર પર તેની પાછળ બેસીને રાહુલ ગાંધીએ પીપલ ગામની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત રાહુલે નીધોના ગામે મનરેગા અંતર્ગત થઈ રહેલાં કામોનું નિરીક્ષણ કર્યું હતું. પાણીની તીવ્ર અછત સામે ઝઝૂમી રહેલાં લોકો સાથે વાત કરી હતી, કેટલાંક ગ્રામીણોએ તેમનાં વિસ્તારમાં પાણી અને રોડ બનાવવા અંગેની ફરિયાદ કરી હતી. દુષ્કાળથી પ્રભાવિત ગામડાંઓમાં ફરીને ખેડૂતો અને મજુરો સાથે થયેલી વાતચીત દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, દુકાળગ્રસ્ત વિસ્તારોમાં પાણી અને ઘાસચારો પહોંચાડવાનું કામ યુદ્ધનાં ધોરણે કરવામાં આવશે. રાહુલ ગાંધીની આ યાત્રાના બે દિવસ પહેલાં મહારાષ્ટ્રનાં મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણે આ જિલ્લામાં દુષ્કાળ બાબતે રાહત ઉપાયો માટે ૧૦ કરોડની નાણાંકીય સહાયની ઘોષણા કરી હતી. પીપલી અને નિધોનાની મુલાકાત લીધા બાદ રાહુલ ગાંધી તુરંત જ ફૂલમબરી પહોંચ્યા હતાં અને ત્યાંના સ્થાનિક લોકો સાથે વાતચીત કરી હતી.

## સમાચાર ઝલક

- પાટનગર દિલ્હીમાં ગેરકાયદેસર ધાર્મિક સ્થળો હટાવાશે.
- સૌરાષ્ટ્રમાં ઘાસાવડ, પાલીતાણા, કોટડા પીઠા, બાબરામાં વરસાદનાં ઝાપટા...
- નવલખી બંદરમાં આગ ભભૂકી, રેલ્વેનો વે બ્રીજ ભસ્મીભૂત.
- ભારતમાં ઇશ્વરને માનનારની સંખ્યા ઘટી રહી છે.
- સોમનાથમાં ત્રિવેણી સંગમમાં ગંદકીનું સામ્રાજ્ય, લોકો હેરાન-પરેશાન.
- પશ્ચિમ બંગાળમાં પણ નકલસી હુમલાનો ભય, મમતા બેનરજી હીટ લિસ્ટમાં...?
- માઓવાદીઓની ૭ માંગ સ્વીકારવા દબાણ.
- બગદાદમાં બોમ્બ બ્લાસ્ટમાં ૬૫નાં મોત.
- બોલીવુડ સ્ટાર શાહરૂખ ખાને ખભાંની સર્જરી કરાવી.
- ચીનને જવાબ આપવા સેના સુસજ્જ : રક્ષામંત્રી એ.કે. એન્ટોની.
- અંલગમાં ટાઇટેનિક હૂબહૂ નકલ પેસેન્જર જહાજ અમેત મેજેસ્ટી ભંગાણં માટે આવ્યું.
- સ્પોટ ફિકસીંગનો મુખ્ય ફિકસર બુકી ફરાર, તંત્ર હાથ ઘસતું રહ્યું.
- માઓવાદીઓની ખુલ્લી ચેતવણી, કોંગ્રેસી નેતા મહેન્દ્ર કર્માના કુટુંબને ગામ છોડી દેવા જણાવ્યું.
- ભદ્ર પ્લાઝાની કામગીરી કાચબા ગતિએ ચાલતા નગરજનો પરેશાન.
- નબળા ચોમાસા, સરકારી ત્રાસથી સાડી પ્રિન્ટીંગના અડધાથી વધારે એકમો બંધ, હજારો કારીગરો બેકાર...
- ઓહ કળિયુગ ! ૮ મહિનાની બાળકીથી માંડીને ૮૦ વર્ષની વૃદ્ધા પર દિલ્હીમાં બળાત્કારની ઘટના, સંસ્કારોનું અધઃપતન.
- ડોકટરોના ‘દિલ’ જોખમમાં, ગુજરાતમાં યુવા વયનાં ૧૫% તબીબોનાં મૃત્યુ.
- કેન્દ્રીય કર્મચારીઓ માટે નિવૃત્તિ વયમર્યાદા ૬૨ વર્ષ કરવા સક્રિય વિચારણા.
- સાફો બાંધવાનો તાલીમવર્ગ રાજકોટમાં યોજાયો.
- મુંબઇની દુકાનોમાં બીકીની પહેરેલા પુતળા જોવા નહિ મળે, મુંબઇમાં પ્રતિબંધ.
- રવિ શાસ્ત્રી બીસીસીઆઇની કમાન સંભાળશે.

## નક્સલવાદીઓનું હવે પછીનું નિશાન છત્તીસગઢ સરકાર !!

રાયપુર,તા. ૨૯

નકસલવાદીઓ દ્વારા છત્તીસગઢમાં હવે એક નિવેદન જાહેર કરવામાં આવ્યું છે. આ નિવેદનમાં રાજ્યનાં રાજ્યપાલ શેખર દત્ત અને મુખ્યમંત્રી રમણસિંહને ધમકી આપવામાં આવી છે. દંડકારણ્ય સ્પેશિયલ ઝોનલ કમિટી દ્વારા આપવામાં આવેલી આ ધમકીમાં રાજ્યપાલ, મુખ્યમંત્રી રમણસિંહ, ગૃહમંત્રી નનકીરામ કંવર, ઉચ્ચશિક્ષણ મંત્રી રામવિચલ, આરોગ્યમંત્રી કેદાર કશ્યપ, વનમંત્રી વિક્રમ ઉસેડી, મહારાષ્ટ્રનાં ગૃહમંત્રી આર.આર.પાટિલ, છત્તીસગઢના ડીજીપી રામનિવાસ, એડીજી મુકેશ ગુપ્તાનો આ ધમકીમાં ઉલ્લેખ કરાયો છે. આ પત્રમાં કહેવાયું છે કે, દરેક વ્યક્તિએ મહેન્દ્ર કર્માની જેમ ગફલતમાં ન રહેવું જોઈએ કે તેમનો કોઈ વાળ વાંકો કરી શકશે નહીં. ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીને પણ આવી જ માનસિકતાનો શિકાર બન્યા હતાં. હવે રમણસિંહે નકસલી હુમલાઓ અંગે ચર્ચા કરવા માટે ૩૦ મેનાં રોજ તમામ પક્ષોની બેઠક બોલાવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છત્તીસગઢમાં કોંગ્રેસી નેતાઓનાં કાફલા પર બર્બરતાપૂર્વકના હુમલાની જવાબદારી લઈ રહેલાં નકસલવાદીઓની કમિટીએ મહેન્દ્ર કર્મા અને નંદકુમાર પટેલની હત્યાને સાચી ઠરાવી છે અને કહ્યું છે કે, તેમને એટલા માટે મારી નાંખવામાં આવ્યા છે કે તેઓ જનતા પર દમન ગુજારી રહ્યા હતાં. દંડકારણ્ય સ્પેશિયલ ઝોનલ કમિટીનાં પ્રવક્તા ગુડસા ઉસેડીએ રેકોર્ડેડ વક્તવ્ય મિડીયામાં મોકલ્યું હતું. નક્સલી સંગઠનનું કહેવું છે કે તેમણે કર્મા અને પટેલને મારી ઓછામાં ઓછા એક હજાર આદિવાસીઓ તરફથી બદલો લીધો છે કારણ કે સલમાજુદ્રમનાં નામ પર ૫૦,૦૦૦ આદિવાસીઓને જબરદસ્તી તેમનાં ઘર અને શિબિરોમાંથી ઉઠાવી જઈને આંદોલનમાં જોડી દેવામાં આવ્યા હતાં, જે આદિવાસી આમાં જોડાયા નહોતાં તેમને નક્સલી ગણાવી મારી નાંખ્યા હતાં તો કેટલાંકની ઉપર ખોટાં કેસ કરી જેલમાં પૂરી દેવાયા હતાં. નંદકુમાર પટેલને આ વિસ્તારમાં પહેલીવાર અર્ધસૈનિક દળોની એન્ટ્રી માટે જવાબદાર ગણવામાં આવ્યા હતાં. આ તમામ બાબતોનો બદલો નક્સલીઓએ લીધો હોવાનો સંતોષ વ્યક્ત કર્યો હતો.

## ડોલરની સામે રૂપિયો ૧૦ મહિનાની નીચી સપાટીએ

મુંબઈ,તા. ૨૯

શેરબજારમાં તેજી પર બ્રેક મૂકાવવાની સાથે સાથે આજે રૂપિયામાં પણ ભારે અફડાતફડી રહી હતી. રૂપિયો ૧૦ મહિનાની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. ડોલર સામે ૫૬થી પણ નીચી સપાટીએ રૂપિયો બંધ રહેતા કારોબારીઓમાં ચર્ચાનો દોર રહ્યો હતો. ડિફેન્સ અને ઓઈલ કંપનીઓ તરફથી ડોલરની માંગ અવિરત રહી હતી. કારોબારીઓનું કહેવું છે કે માર્કેટમાંથી નિકાસકારો હાલમાં દૂર થઈ ગયા છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પણ નિકાસકારો અને આયાતકારોને કેટલીક મંજુરી આપવાની યોજના ધરાવે છે. રૂપિયો આજે ૫૬.૧૭-૧૮ની સપાટીએ રહ્યો હતો. મંગળવારના દિવસે રૂપિયો ૫૫.૯૫ની સપાટીએ રહ્યો હતો. રૂપિયો ૨૫મી જુલાઈ ૨૦૧૨ બાદથી સૌથી નીચી સપાટીએ પહોંચ્યો છે. શેરબજાર સાથે રૂપિયાના સીધા સંબંધ રહેલા છે. આજે શેરબજારમાં ભારે અફડાતફડી રહી હતી. કરન્સી ફ્યુચર માર્કેટમાં પણ અફડાતફડીનો માહોલ જામ્યો હતો.

આજે સવારે શરૂઆતી કારોબારમાં જ રૂપિયામાં ૨૨ પૈસાનો ઘટાડો થઈ ગયો હતો. ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જ ખાતે અમેરિકી ડૉલર સામે રૂપિયામાં કડાકો બોલાયો હતો. ગઈકાલના કારોબાર દરમિયાન રૂપિયો ૩૯ પૈસા ઘટી નવ મહિનાની નીચી સપાટીએ રહ્યો હતો.

## પરવેઝ મુશર્રફ પર ચાલશે રાજદ્રોહનો કેસ

ઈસ્લામાબાદ,તા. ૨૯

પાકિસ્તાન પૂર્વ પીએમએલ (એન) સરકારનાં પૂર્વ સૈન્ય શાસક પરવેઝ મુશર્રફ વિરુદ્ધ રાજદ્રોહનાં આરોપ હેઠળ હવે સુનાવણી હાથ ધરશે. પક્ષનાં સાંસદ તારીક અઝીમે કહ્યું હતું કે, અમે મુશર્રફ વિરુદ્ધ રાજદ્રોહનાં આરોપોની સુનાવણી સુપ્રીમ કોર્ટમાં કરાવવાનો નિર્ણય લીધો છે. મુશર્રફે સંવિધાનનું ઉલ્લંઘન કર્યું હોવાથી તેમણે કિંમત ચૂકવવી પડશે. પાક. પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયેલા નવાઝ શરીફનું વલણ આ બાબતે સ્પષ્ટ છે કે મુશર્રફે સંવિધાનનું ઉલ્લંઘન કર્યું હોવાથી તેમની વિરુદ્ધ સુનાવણી થવી જોઈએ. અઝીમે કહ્યું હતું કે, શરીફે એ પણ સ્પષ્ટ કર્યું છે કે તેમને મુશર્રફ સાથે કોઈ વેરભાવ નથી પરંતુ કાયદાનું ઉલ્લંઘન કરવા માટે તેમનાં વિરુદ્ધ કાર્યવાહી કરવી જોઈએ. ૧૧મેના રોજ ચૂંટણી કરવામાં આવી હતી ત્યારે કાર્યવાહક સરકારે સીમિત અધિકારોનો હવાલો આપીને સંવિધાનનાં ઉલ્લંઘનના મામલે મુશર્રફ વિરુદ્ધ કાર્યવાહી કરવાનો ઈન્કાર કર્યો હતો.

## શ્રીલંકામાં સીતા માતાનાં ભવ્ય મંદિરનું નિર્માણ થશે

### માતા સીતાએ જ્યાં અગ્નિ પરીક્ષા આપી હતી તે સ્થળે ભવ્ય મંદિર બનાવાશે

પન્ના, તા. ૨૯

મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે જણાવ્યું કે, શ્રીલંકામાં સીતામાતાએ જ્યાં અગ્નિ પરીક્ષા આપી હતી તે સ્થળ પર ભવ્ય સીતા મંદિરનું નિર્માણ કરવામાં આવશે. આ માટે શ્રીલંકા સરકારની અનુમતિ મળી ગઇ છે. શિવરાજસિંહ ચૌહાણે મંગળવારે પન્ના જિલ્લાના ગુનોરમાં યોજાયેલા અન્ત્યોદય મેળાના સમાપન પ્રસંગે જણાવ્યું કે આ સીતા માતાના મંદિરના નિર્માણ માટે ભારત સરકારની પણ સંમતિ મળી ગઇ છે અને જલ્દી શ્રીલંકામાં ભવ્ય મંદિરનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવશે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે આ ભવ્ય મંદિર નિર્માણ માટે રાજ્ય સરકાર તરફથી એક કરોડ રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે ભારત સરકાર તરફથી આ મંદિરના નિર્માણ માટે અનુમતિ મળવામાં થયેલ વિલંબને કારણે કાર્યમાં શરૂ થવામાં વાર લાગી છે પરંતુ હવે ભારત સરકાર તરફથી પણ અનુમતિ પ્રાપ્ત થઇ છે. જેથી હવે શ્રીલંકામાં માતા સીતાએ રાવણના સંહાર પછી ભગવાન રામ દ્વારા મા સીતાને અગ્નિ પરીક્ષા આપવા માટે કહ્યું હતુ જેનાથી માતા સીતાએ શ્રીલંકામાં જ અગ્નિ પરીક્ષા આપી હતી.

હવે આ ધાર્મિક સ્થળે સીતા માતાનું ભવ્ય મંદિર બનાવવામાં આવશે.

## નકસલવાદ રાજકીય નહીં રાષ્ટ્રીય સમસ્યા છે : ભાજપ

ઈન્દોર, તા. ૨૯

છત્તીસગઢમાં કોંગ્રેસની ‘પરિવર્તનયાત્રા’ પર નકસલીઓએ કરેલા બર્બરતાપૂર્ણ હુમલાની નિંદા કરતા ભાજપે આજે કહ્યું કે, નકસલવાદ રાષ્ટ્રીય સમસ્યાછે અને તેને ખતમ કરવા રાજ્ય સરકારોની સાથે કેન્દ્ર સરકારની પણ જવાબદારી છે. ભાજપના મહાસચિવ રાજીવપ્રતાપ રૂડીએ છત્તીસગઢમાં ૨૫મી મેંએ થયેલા નકસલી હુમલાના સ્થળે સૂત્રોને જણાવ્યું કે નકસલવાદએ સ્થાનિક અને રાજકીય નહિ પરંતુ રાષ્ટ્રીય સમસ્યા છે.

દેશમાં ૧૧ રાજ્યો નકસલવાદથી પ્રભાવિત છે. જેથી આ નકસવાદનો સામનો કરવા અને તેને ખતમ કરવા માટે રાજ્ય સરકારોની સાથે કેન્દ્રની પણ જવાબદારી છે. નકસવાદ વિરોધી અભિયાનમાં સેનાનો ઉપયોગમાટે ભાજપના મંતવ્યો વિશે પૂછતા રુડીએ સીધો જવાબન આપતા કહ્યું કે, દેશની હાલની વ્યવસ્થા નકસલવાદ ને ખતમ કરવા માટે પૂરી રીતે સક્ષમ છે.

## પ્રગતિ માટે મુસ્લીમ સમુદાય શિક્ષિત બને : હામિદ અંસારી

મુંબઈ, તા. ૨૯

ઉપરાષ્ટ્રપતિ મહંમદ હામિદ અંસારીએ મુસ્લીમ સમુદાયને બદલાઈ ગયેલા સમય સાથે ચાલવા તથા પતાના સામાજીક અને આર્થિક પછાતપણાથી છુટકારો મેળવવા માટે આધુનિક શિક્ષણ અપનાવવાનો આગ્રહ કર્યો છે.

હામિદ અંસારીએ મૌલાના આઝાદ વિચારો મંચ દ્વારા આયોજીત બે દિવસના મુસ્લીમ શિક્ષણ સંમેલનનું ઉદ્‌ઘાટન કરતા જણાવ્યું હતું કે મુસ્લીમ સમુદાય સમક્ષ શિક્ષણ સૌથી મહત્વપુર્ણ સામાજીક અને આર્થિક પડકાર છે. મુસ્લીમ સમાજની પ્રગતી, સમૃદ્ધી અને સશક્તિકરણમાં શિક્ષણની ખામી સૌથી મોટુ વિઘ્ન છે.

અંસારીએ જણાવ્યં હતું કે ઈસ્લામમાં શિક્ષણને સિખવાની પ્રક્રિયાને વધુ મહત્વ આપવા છતાં ભારતમાં ઘણાં મુસ્લીમ સમુદાયે ઘણાં લાંબા સમય સુધી શિક્ષણની આવશ્યક્તાની અવગણના કરી છે. આ રીતે તેમણે સમાજનું નુકસાન કર્યુ છે અને જ્ઞાનની અવગણના કરી છે.

અંસારીએ એક વિદ્વાનના અવતરણનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે ઈસ્લામનો આધુનિક ઈતિહાસ તેના આંતરીક પતન, બાહ્ય હસ્તક્ષેપ અને ખરાબી સાથે થયું થાય છે. જ્ઞાનના શોધનું સ્થાન ખંડન-મંડને લીધુ છે. શિક્ષણના ખામીને કારણે બેરોજગારી વધી છે. મોટાપાયા પર અર્ધ રોજગારમાં વધારો થયો છે. પારંપારીક અને ઓછી આવક વાળા વ્યવસાય મર્યાદિત બની ગયા છે. આધુનિક સંગઠિત કારોબારી ક્ષેત્રોમાં પ્રતિનિધિત્વ ઘટી રહ્યું છે.

મુસ્લીમ સમુદાયમાં શૈક્ષણિત પછાતપણા અંગે અગાઉથી જાણ હતી, પરંતુ રંગનાથ મિશ્રા અને સચ્ચર સમિતિના રીપોર્ટ દ્વારા સત્તાવાર આંકડા સાથે કડવું સત્ય જાહેર થઈ ચુક્યુ છે. આ રીપોર્ટ અનુસાર મુસ્લીમ સમુદાયમાં સાક્ષાત્કારની ટકાવારી ૨૦૦૧માં ૬૪.૮ સરકારી સરેરાશની સરખામણીમાં ૫૯.૧ રહી છે. શહેરી ક્ષેત્રોમાં આ અંતર વધુ છે.